જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૨/૨૦૨૦  રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૧૪/૨૦૨૦**

# મુસ્કાન માટે રક્તદાન

## દરીયાપુર પોલીસ સ્ટેશન :

### રક્તદાન શીબીર ની માહિતી દરીયાપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓએ થેલેસેમીયા ગ્રસ્ત ૧૦૦ બાળકો દત્તક લીધેલ હોય જેઓને આખા વર્ષનું રક્ત પુરુ પાડવાનું ભગીરથ કાર્ય હાથ ધરેલ હોય જે ભગીરથ કાર્યનાં ભાગ રૂપે આજે તા.૦૨/૦૨/૨૦૨૦ નાં રોજ દરીયાપુર પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં રક્તદાન શીબીર નું આયોજન કરવામાં આવેલ હતુ. જે રકતદાન શીબીર માં હિંદુ-મુસ્લીમ કોમનાં નાગરીકો તથા પોલીસ અધિકારી/કર્મચારીઓ રક્તદાન કરવા માટે આવેલ હતા જે રક્તદાન શીબીર માં કુલ ૧૫૦ યુનિટ રક્ત એકત્રીત કરવામાં આવેલ છે.








2020-2-2 11:52


2020-2-2 10:26



# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>સરદારનગર પોલીસ સ્ટેશન તથા નારોલ પોલીસ સ્ટેશનના વાહન ચોરીના બે ગુનાઓમાં ચોરીએ ગયેલ વાહનો સાથે એક આરોપીને પકડી બે ગુનાઓ શોધી કાઢતી નારોલ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઈ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ વાહન ચોરીના ગુનાઓ અટકાવવા તેમજ બનેલ ગુના શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડ મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન કેનાલ રોડ સદાની ધાબી પાસે આવતાં સાથેના પો હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકિકત મળેલ કે "એક ઈસમ કે જેણે શરીરે સફેદ કલરનો કાળી લીટીવાળો શર્ટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે. તે હોન્ડા એકટીવા નં.જીજે.૦૧.એનઈ.૨૯૫૨ નુ કોઈ જગ્યાએથી ચોરી અગર તો છળકપટથી મેળવી વટવા બીબી તળાવ તરફથી આવી અત્રે થઈ કોઈ જગ્યાએ વેચવા જવાની પેરવીમાં છે. તેમજ તેણે ચોરીના બીજા પણ વાહનો કોઈ જગ્યાએ મુકી રાખેલ છે." જે બાતમી હકિકત આધારે પંચો રૂબરૂ છુટાછવાયા વોચમાં હાજર રહેતાં થોડીવારમાં બાતમી હકિકતમાં જણાવેલ આરોપી મકસુદ દિવાનભાઈ જાતે કાજી ઉ.વ.૩૨ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.બી/૭૯, અલીફનગર, સાલેહિંદ મસ્જીદની પાસે, કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર નાનો એક હોન્ડા એકટીવા નં.જીજે.૦૧.એનઈ.૨૯૫૨ નુ કિ.રૂ.૩૦.૦૦૦/ ની મત્તાનુ ચોરી અગર તો છળકપટથી મેળવી લાવેલાનુ જણાતા ધી સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી સદરી આરોપીને આજરોજ ધી સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૦૨/૦૨/૨૦૨૦ ના કલાક ૧૧/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. અને સદરી હોન્ડા એકટીવા બાબતે તપાસ કરતાં સરદારનગર પો.સ્ટે. પાર્ટ – એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૦૨૦૦૩૩૨/૨૦૨૦ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય તેમજ વધુ પુછપરછ કરતાં આરોપીએ આજથી દોઢેક માસ અગાઉ એક હિરો હોન્ડા કંપનીનુ પેશન પ્રો.મો.સા. નં.જીજે.૨૭.એઆર.૯૫૭૭ નુ નારોલ શાહવાડી ગામ ખાતેથી ચોરી કરેલાનુ જણાવેલ જે બાબતે નારોલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૨૨૮/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને ઉપરોકત ગુનામાં અટક કરવાની તજવીજ કરેલ છે. આમ સરદારનગર પોલીસ સ્ટેશન તથા નારોલ પોલીસ સ્ટેશનના વાહન ચોરીના બે ગુનાઓમાં ચોરીએ ગયેલ વાહનો સાથે એક આરોપીને પકડી મિલ્કત સબંધી બે ગુનાઓ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૨/૦૨/૨૦૨૦

**<u>ઓઢવ પોલીસ સ્ટેશન :</u>**

## <u>મિલ્કત સબંધી અનડિટેક્ટ ગુનો શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી ઇ.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી મોથલીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓને ઓઢવ પોલીસ સ્ટેશનમાં બનેલ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા તેમજ અટકાવવા માટે આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫, અ.હેડ.કોન્સ દિલીપસિંહ કિશોરસિંહ બ.નં-૭૫૮૯, હે.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૪૭૯૯, તથા લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં-૧૫૩૦, લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં-૧૨૯૬૨, લોકરક્ષક કરણ ગીરધરભાઇ બ.નં-૧૨૭૮૧ એ રીતેના સ્ટાફના માણસોએ સાથે પેટ્રોલીંગ કરતા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૩/૧૫ વાગે ઓઢવ તક્ષશીલા ત્રણ રસ્તા પાસે આવતા સાથેના <u>હે.કો દિલીપસિંહ કિશોરસિંહ તથા હે.કો ત્રિપાલસિંહ રઘુવીરસિંહ</u> નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે ઓઢવ પો.સ્ટેશન ગુ.ર.નં-એ-૧૧૧૯૧૦૩૭૨૦૦૧૦૪ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે ચોરાયેલ હીરોહોન્ડા C.D.ડિલક્ષ કંપનીની મો.સા નં-RJ.27.SF.6031 જેની કિ.રૂ.૧૫૦૦૦/ ગણાય તે મુદ્દામાલ સાથે આરોપી ઉત્તમસિંહ સ/ઓ દજાસિંહ છગનસિંહ ચૌહાણ ઉ.વ.૨૦, રહે: શેડ નં-૫૨, દેવ્યાની સ્ટીલના નામના કારખાનામાં કૈલાસ -૨ એસ્ટેટ, ભારત ગેસની ગલી, ઓઢવ, અ'વાદ શહેર મુળગામ- ઘર નં-૧૨૯, ભાવની યોની ધાની ગામ, ભખરપુરા, ગુડામાલાણી, જી-બાડમેર, રાજસ્થાન નાને ચોરી ગયેલ મો.સા મુદ્દામાલ સાથે તા-૦૧/૦૨/૨૦૨૦ ના ક.૧૪/૧૫ વાગે અટક કરી મિલ્કત સબંધી અનડિટેક્ટ ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે તા.૦૧/૦૨/૨૦૨૦.

# પાસા અટકાયતીની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

### પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી ઇ.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી મોથલીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-પ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "હિરલબેન વા/ઓ વિરેન્દ્રભાઇ રાઠોડ ઉ.વ.૩૩ રહે: મ.નં-૪૯, પદ્મશાળી સોસાયટી, વિરાટનગર ચાર રસ્તા પાસે, ઓઢવ, અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી બેન વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી હિરલબેન વા/ઓ વિરેન્દ્રભાઇ રાઠોડ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/126/20 તા.31/01/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી આર.એ.ઝાલા, તથા એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં-૧૨૯૬૨ તથા લોકરક્ષક કરણ ગીરધરભાઇ બ.નં-૧૨૭૮૧ તથા વુ.પો.કો માયાબેન રમેશભાઇ બ.નં-૩૫૧૩ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ વિરાટનગર ચાર રસ્તા પાસેથી વુ.પો.કો માયાબેન રમેશભાઇ નાઓની બાતમી હકિકત આધારે સદરી બેનને આજરોજ તા.૦૧/૦૨/૨૦૨૦ ના રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી સુરત મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતી બેનને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૦૧/૦૨/૨૦૨૦.

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી/મિલક્ત સબંધી/ગે.કા.હથિયારની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ડી.સી.બી. તથા શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશી બનાવટની પિસ્ટલ તથા કારતુસ લાવી વગર લાયસંસ ગુનાહિત ઈરાદે પોતના કબ્જામા રાખી ગે.કા.હથિયારની હેરાફરી કરનાર તથા મો.ફોનની ચોરી કરનાર ઝનુની ઈસમ નામે શબ્બીર હુસેન ઉર્ફે જીપી બાબા બનુમીયાં શેખ રહેવાસી-મ.ન.૩૦૬૭ કાનીખાડનો મહોલ્લો લાજવાબ હોટલની પાછળ દિલ્હી દરવાજા શાહ્પુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | શબ્બીર હુસેન ઉર્ફે જીપી બાબા બનુમીયાં શેખ રહેવાસી-મ.ન.૩૦૬૭ કાનીખાડનો મહોલ્લો લાજવાબ હોટલની પાછળ દિલ્હી દરવાજા શાહ્પુર અમદાવાદ |

- અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી એકબીજાની મદદગારીથી જમીનના માલીક ન હોવા છતા પોતે માલીક છે તેમ કહી બાનાખત બનાવી ફરિયાદી પાસેથી રોકડા તથા ચેક થી નાણા મેળવી ગોડાઉનનુ વેચાણ કરી ફરીયાદીને ધાક ધમકી આપી બળજબરીથી ગોડાઉનનો કબ્જો પડાવી લેનાર તથા લોકોની સાથે બોલાચાલી કરનાર માથાભારે ઇસમ નામે સાહેબેઆલમ ઉર્ફે આલમ શાહેમોહમંદ રંગરેજ રહેવાસી- એએએ ૫૦૯/૫૧૦ ન્યુ ફૈજલ નગર ગની કિરાણાની ગલી ખેડાનાકા બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સાહેબેઆલમ ઉર્ફે આલમ શાહેમોહમંદ રંગરેજ રહેવાસી- એએએ ૫૦૯/૫૧૦ ન્યુ ફૈજલ નગર ગની કિરાણાની ગલી ખેડાનાકા બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ |

- અમદાવાદ શહેરના ઈસનપુર તથા વટવા તથા રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોના જાહેર રોડ ઉપર પાર્ક કરેલ એકટીવાનુ લોક ડુપ્લીકેટ ચાવીથી ખોલી ચોરી કરેલ એકટીવા વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઇરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરી આવી અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત ઉભી કરનાર ઝનુની ઈસમ નામે અસ્લમ ઉર્ફે છોટુ અનવરભાઈ શેખ રહેવાસી- ઈસ્લામનગર ગુલબાઈની ચાલી મદીના મસ્જીદની પાછળ સુંદરમ નગર રખિયાલ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અસ્લમ ઉર્ફે છોટુ અનવરભાઈ શેખ રહેવાસી- ઈસ્લામનગર ગુલબાઈની ચાલી મદીના મસ્જીદની પાછળ સુંદરમ નગર રખિયાલ અમદાવાદ શહેર |

- આ ઉપરાંત મિલ્કત શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી <u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને રાજ્યની અન્ય જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.